# પાઉલ અને બાર્નાબાસે જુદી જુદી સંસ્કૃતિઓમાં સેવા કરી.

અન્ય સંસ્કૃતિની જાતિઓમાં મંડળીઓ શરૂ કરવા દેવ કેટલાક કાર્યકરોને મોકલે છે.
બાળકોને શિખવનારે સ્ટડી નો અભ્યાસ કરવો.

**૧. અન્ય સંસ્કૃતિઓના લોકોમાં કાર્ય કરવા સેવકોને મોકલવા માટે પ્રાર્થના અને દેવના વચન વડે તૈયાર કરો.**

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, તમે અમારી મંડળીને પ્રેરિતો આપ્યા છે બીજા દેશોના ભિન્ન સંસ્કૃતિના લોકો પર પ્રેમ કરવા અમારી અને તેમની સહાય કરો અને તેમની મધ્યે તમારૂં કાર્ય કરવા કૃપા આપો.

**પશ્ચાતભૂમિકા :** બાઈબલમાં બિનયહુદી લોકોને વિદેશીઓ કહ્યા છે. નવા અને જૂના કરાર બંનેમાં કહેવામાં આવ્યું છે કે વિદેશીઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાંભળશે.

**પ્રેકૃ.૧૪:૮-૧૪** જો આપણે બીજા દેશોની સાંસ્કૃતિક રસમોને સમજીએ તો શું થઈ શકે.



*લુકાનીના લોકોએ પાઉલ અને બાર્નાબાસને દેવો સમજીને બલિદાનો ચઢાવવાનો પ્રયત્ન કર્યો.*

- પાઉલ અને બાર્નાબાસે દેવની શક્તિ બતાવવા માટે શું કર્યુ ? (૧૪:૮-૧૦)
- લુકાનીના લોકોની સમજણ પ્રમાણે લંગડા માણસને સાજાપણું આપનાર કોણ હતું ? (૧૧-૧૨)
- પાઉલ અને બાર્નાબાસ માટે લોકોશું કરવા માંગતા હતા ? (૧૩)
- પાઉલ અને બાર્નાબાસે તેમને કેવી રીતે સમજાવવું પડ્યું ? (૧૪-૧૫)

**ઉત્પતિ ૧૨ : ૧૪** દરેક પ્રકારના લોકો માટે દેવનો અવિકારી હેતુ (દેશો, જાતિઓ અને સંસ્કૃતિઓ) જવાબો સાથે આપેલા છે.

- દવે ઈબ્રાહીમને ક્યાં જવાનું કહ્યું ? (૧)
- ઈબ્રાહીમ ત્યાં જઈને શું બનવાનો હતો ? (૨)
- ઈબ્રાહીમ દ્વારા ક્યા ક્યા લોકો આશીર્વાદ પામવાના હતા ?(૩)
- ઈબ્રાહીમે શું કર્યું જેથી દેવની પ્રતિજ્ઞાઓ પરિપૂર્ણ થશે ? (૪)

**ગલા. ૩ :૮-૧૪** ઈબ્રાહીમને અપાયેલ પ્રતિજ્ઞા કઈ રીતે પરિપૂર્ણ થઈ છે.

- દરેક જુદી જુદી સંસ્કૃતિઓના વિદેશી લોકો માટે દેવની શું કરવાની ઈચ્છા હતી ? (૩:૮)
- દેવનો આશીર્વાદ પામવા માટે વિદેશી લોકોએ શું કરવું જોઈએ ? (૯)
- યહુદી કાયદા પાળ્યા વગર લોકો આશીર્વાદો મેળવી શકે માટે ખ્રિસ્તે શું કર્યું છે ? (૧૩)
- દરેક દેશનો વિશ્વાસી ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા જે ખાસ આશિર્વાદ પામવાનો હતો તે બાબતની ઈબ્રાહીમને અપાયેલ પ્રતિજ્ઞા કઈ હતી ? (૧૪)

**પ્રેકૃ. ૧૦ : ૧૧-૨૮** બીજા સંસ્કારના લોકો મધ્યે કાર્ય કરનારનો વ્યવહાર કેવો હોવો જોઈએ.

- પીતરે દર્શનમાં દેવ પાસેથી શું સાભળ્યું ? (૧૦:૧૧-૧૬)
- જયારે અન્ય અન્ય સંસ્કૃતિની જાતિના લોકો મધ્યે કાર્ય કરવાની તક આપણને મળે ત્યારે પવિત્ર આત્મા આપણા તરફથી કેવી વર્તણૂંકની ઈચ્છા રાખે છે ? (૧૮-૨૩)
- જ્યારે અન્ય સંસ્કૃતિના લોકો મધ્યે કામ કરીએ ત્યારે આપણી પોતાની બાબતે આપણી વર્તણૂંક કેવી હોવી જોઈએ ? (૨૪-૨૭)
- આપણા સમાજને જાતિઓ પસંદ નથી તેવા લોકો માટે આપણું વલણ કેવું હોવું જોઈએ ? (૨૮)

**પ્રે.૧૫:૧-૩૧માં** વાંચો કે સાંસ્કૃતિક જુદાપણાનો પ્રશ્ન હલ કરવા માટે કેટલીક મંડળીઓએ સાથે મળીને તે પાર પાડ્યું.

## ૨. આવનાર અઠવાડીયાની પ્રવૃતિઓ માટે સાથીદારો સાથે આયોજન કરો.

તમારા શહેર અને વિસ્તારના જુદી જુદી જાતિના લોકો વિશે સમજાવો.

ખ્રિસ્તના મિશનો અને મંડળીઓથી ક્યા વર્ણ કે જાતિના લોકો અસ્વીકૃત છે તેની **ચર્ચા કરો**. તમારા સમાજ સાથે તે જાતિના લોકો કઈ કઈ બાબતોમાં સામ્ય અને ભિન્નાતા ધરાવે છે ?

તે દરેક સાંસ્કૃતિક ગ્રુપો બાબતની અગત્યની માહિતી શોધો.

- તે ગ્રુપમાં કેટલા માણસોની વસ્તી છે ?
- તેમાંના કેટલા ટકા ખ્રિસ્તી છે ?
- તેઓમાં કેટલી મંડળીઓ કે ખ્રિસ્તી જૂથો સ્થપાઈ ચૂક્યા છે ?
- તમારી મંડળી સિવાય અન્ય ક્યા મિશનો કે મંડળીઓ તે ગ્રુપો મધ્યે કાર્ય કરવા તમને સાથ આપી શકે ?
- તમારા સમાજમાં પ્રવર્તમાન જેવી જ તે જાતિઓમાં કઈ માન્યતાઓ અને રૂઢિઓ છે ?તમારાથી જુદી કઈ છે ?

**ચર્ચા કરો અને આયોજન કરો.**

- આવી સાંસ્કૃતિક અસ્વીકાર્ય જાતિઓમાં જઈને કાર્ય કરી શકે તેવા તમારી મંડળીઓના કાર્યકરો કોણ છે કે જેમને મંડળી મોકલી શકે ? (જેમને તે જાતિઓ મધ્યે કામ કરવાની ઈચ્છા અને ક્ષમતા હોય )
- તેમના કાર્ય માટે તેમને કોણ તાલિમ આપશે ?
- તેમના કાર્ય માટે બોજો કોણ ઉઠાવશે ? અથવા પાઉલની જેમ તેઓ સ્વપોષિત હોઈ શકે-પાઉલે કોરીંથમાં તંબુ વણીને સેવા કરી હતી (પ્રે.૧૮:૧-૩)
- તમારી મંડળીતેમને ક્યારે મોકલશે ?

તેમને તાલિમ આપવાની વ્યવસ્થા કરો અને તાલિમ આપનારા માટે પોલ-તિમોથી સામગ્રીની વ્યવસ્થા કરો.

## ૩. આવનાર ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.

ચાલુ જરૂરિયાતો અને અનુકૂળ સમયની પ્રવૃતિઓ **પસંદ કરો.**

ઉપર ભાગ - ૧માં તમે જે શિખ્યા તે **કહો** અથવા ભજવી બતાવો. અને તે જ પ્રશ્નો પૂછો.

- પાઉલ અને બાર્નાબાસે કાર્ય કર્યુ ત્યારે લુસ્ત્રામાં શું થયું ? (પ્રે.૧૪:૮-૧૪)
- દેવે ઈબ્રાહીમને દરેક દેશો માટે ક્યું વચન આપ્યું ? (ઉત.૧૨:૧-૪)
- આ પ્રતિજ્ઞાને કારણે આપણે દેવનો પવિત્ર આત્મા કઈ રીતે પામી શકીએ?(ગલા.૩:૮-૧૪)

- અન્ય જાતિઓ માટેનો પીતરનો અભિગમ દેવે કઈ રીતે ફેરવ્યો ? (પ્રે-૧૦:૧૧-૨૮) જેથી યહુદીઓ નારાજ થાય ?

**પ્રે.૧૫** માંથી સમજાવો. ખ્રિસ્તી થયેલા યહુદીઓ માનતા હતા કે તારણ પામવા માટે વિદેશીઓએ યહુદી નિયમોનું પાલન કરવું જોઈએ. આ પ્રશ્ન તેઓએ કઈ રીતે હલ કર્યો ?

- આ વિવાદની ચર્ચા માટે કેટલીક મંડળીઓના વડીલો પ્રેરિતોની સાથે ભેગા મળ્યા હતા.
- પિતરે સ્પષ્ટ કર્યુ કે યહુદી નિયમોનો અંગીકાર કર્યા વગર જ કર્નેલ્યસ અને તેના ઘરનાઓએ પવિત્ર આત્માનું દાન મેળવ્યું હતું (૧૫:૮-૯)
- બાર્નાબાસ અને પાઉલે હેવાલ આપ્યો કે દેવે વિદેશીઓમાં કેવા ચમત્કારો કર્યા હતા. (૧૨)
- યાકૂબે જાહેર કર્યું કે ખ્રિસ્તી બનવા માટે વિદેશી લોકોએ પોતાની સંસ્કૃતિ બદલવી જરૂરી નથી (૧૯)

અન્ય જાતિના લોકો મધ્યે કાર્ય કરનાર કોઈ હેવાલ આપે કે દેવ કેવી રીતે કાર્ય કરે છે.

**બાળકો**એ તૈયારી કરી હોય તે તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજ** માટે યશા. ૫૩ વાંચો.

વિશ્વાસીઓ **નાના જૂથ**માં અન્ય જાતિના લોકો માટે અને ત્યાં કામ કરનારા મોકલી શકાય માટે પ્રાર્થના કરે.

પ્રકટી.૭ : ૯ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.